Thursday
01.10.2026
✳Volume :11 ✳ Issue No.89
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે દિલ્હીના લોકો માટે મુસાફરી સરળ બનાવવા ૧,૯૪૧ કરોડથી વધુના મૂલ્યના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો

શ્રી અમિત શાહે ૧,૬૩૫ કરોડના ખર્ચે બનેલા બારાપુલા એલિવેટેડ રોડ ફેઝ-૩ ને દિલ્હીના લોકોને સમર્પિત કર્યો





બારાપુલા એલિવેટેડ રોડ દક્ષિણ દિલ્હી સાથે સિગ્નલ-ફ્રી કનેક્ટિવિટી પૂરી પાડશે, જેનાથી મુસાફરી સરળ બનશે, ટ્રાફિક જામમાંથી રાહત મળશે અને મુસાફરીનો સમય બચશે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે દિલ્હીમાં કનેક્ટિવિટી મજબૂત કરવા અને દિલ્હીના લોકો માટે મુસાફરી સરળ બનાવવા ૧,૯૪૧ કરોડથી વધુના મૂલ્યના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. તેમણે ૧,૬૩૫ કરોડના ખર્ચે બનેલા બારાપુલા એલિવેટેડ રોડ ફેઝ-૩ ને દિલ્હીના લોકોને સમર્પિત કર્યો હતો. એક્સ (X) પરની એક પોસ્ટમાં શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, "દિલ્હીની કનેક્ટિવિટી મજબૂત કરવા અને દિલ્હીના રહેવાસીઓ માટે મુસાફરી સરળ બનાવવા માટે ૧,૯૪૧ કરોડથી વધુના મૂલ્યના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. ૧,૬૩૫ કરોડના ખર્ચે બનેલો બારાપુલા એલિવેટેડ રોડ ફેઝ-૩ આજે દિલ્હીના રહેવાસીઓને સમર્પિત કરવામાં આવ્યો હતો. આનાથી પૂર્વ અને દક્ષિણ દિલ્હી વચ્ચે સિગ્નલ-ફ્રી કનેક્ટિવિટી મળશે, જેનાથી આવાગમન વધુ સુગમ બનશે, ટ્રાફિક જામમાંથી રાહત મળશે અને મુસાફરીનો સમય બચશે. આ ઉપરાંત, મોટી મિલ-સાવિત્રી સિનેમા ફ્લાયઓવર અને લોની અંડરપાસનો પણ શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

ભારત હિંદ મહાસાગર ક્ષેત્રમાં પ્રથમ પ્રતિભાવકર્તા અને પસંદગીના સુરક્ષા ભાગીદાર તરીકે ઊભું છે: શ્રી રાજનાથ સિંહ

દક્ષિણ ચીન સાગર, ભૂમધ્ય સાગર, એટલાન્ટિક મહાસાગરમાં ભારતીય યુદ્ધ જહાજોની ઉપસ્થિતિ ભારતની બ્લૂ-વોટર ફોર્સ ક્ષમતાનું પ્રદર્શન કરે છે

કમલમ્,

"ભારત હિંદ મહાસાગર ક્ષેત્રમાં પ્રથમ પ્રતિભાવકર્તા, પસંદગીના સુરક્ષણ ભાગીદાર અને વિશ્વાસ તથા વિશ્વસનીયતાના પ્રતીકતરીકેમજબૂતીથી ઉભુંછેઅને સમગ્ર વિશ્વ આ ક્ષેત્રમાં આપણી વ્યૂહાત્મક સ્થિતિ અને આપણી વ્યૂહાત્મક જવાબદારી બંનેની વૃદ્ધિનું સાક્ષી બની રહ્યું છે. ભીડભાડ, છંતરપિંડી અને ગ્રે-ઝોન પ્રવૃત્તિઓ જેવા મુદ્દાઓએ આપણા દરિયાઈ ક્ષેત્રને પહેલા કરતાં વધુ જટિલ બનાવી દીધું છે. તેથી, આપણે આપણી ટેમ્પરેખ અને પ્રતિભાવ પ્રણાલીઓને નવા સ્તરે લઈ જવી જોઈએ," સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નૌસેના ભવન, નવી દિલ્હી ખાતે ભારતીય નૌકાદળની દ્વિવાર્ષિક કમાન્ડર્સ કોન્ફરન્સ ૨૦૨૬ની બીજી આવૃત્તિને સંબોધિત કરતી વખતેજણાવ્યું હતું. સંરક્ષણ મંત્રીએ દાવો કર્યો હતો કે ભારતીય યુદ્ધ જહાજોની ઉપસ્થિતિ દક્ષિણ ચીન સાગર, ભૂમધ્ય સાગર અને એટલાન્ટિક મહાસાગર સુધી વિસ્તરેલી છે, જે આપણી બ્લૂ-વોટર ફોર્સ ક્ષમતાનું પ્રદર્શન કરે છે. તેમણે ઉમેર્યું હતું કે વ્યૂહાત્મક ડિટરન્સ અને પ્રાદેશિક શક્તિ પ્રક્ષેપણ સુનિશ્ચિત કરવામાં ભારતીય નૌકાદળની ભૂમિકા મહત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નૌકાદળના આધુનિકીકરણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા અને પ્રતિબદ્ધતાને રેખાંકિત કરતા શ્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, "ભારતીય નૌકાદળ 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનમાં એક વ્યૂહાત્મક આધાર તરીકે કામ કરે છે. માત્ર દરિયાઈ સીમાઓનું રક્ષણ કરવા ઉપરાંત, આપણું નૌકાદળ આર્થિક રક્ષણ, પ્રાદેશિક સ્થિરતા અને શક્તિ પ્રક્ષેપણને મજબૂત બનાવે છે." તેમણે ભારતીય નૌકાદળને ભવિષ્ય માટે તૈયાર, યુદ્ધ માટે તૈયાર અને વૈશ્વિક સ્તરે સન્માનિત દળમાં પરિવર્તિત થતી વખતે તેની અવિરત ગતિ જાળવી રાખવા આહ્વાન કર્યું હતું. પશ્ચિમ એશિયાના સંકટમાં ભારતીય નૌકાદળની ભૂમિકાની પ્રશંસા કરતા શ્રી રાજનાથ સિંહે ઉમેર્યું હતું કે 'ઓપરેશન ઉર્જા સુરક્ષા' હેઠળ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ભારતીય ધ્વજ ધરાવતા વેપારી જહાજો - ખાસ કરીને એલપીજી ટેન્કરોનો સુરક્ષિત માર્ગ સુનિશ્ચિત કરવો એ એક ઉત્કૃષ્ટ સિદ્ધિ છે. ભારતે તેના કહ્યા તેવના આશરે ૮૫—૯૦ ટકા અને કુદરતી ગેસના આશરે ૫૦ ટકા દરિયાઈ માર્ગો દ્વારા આયાત કરે છે; તેથી, દરિયાઈ માર્ગોની સુરક્ષાના દ્રષ્ટાના અર્થતંત્ર, ઉર્જાપુરવઠા અને સંરક્ષણ સજ્જતા સાથે સીધી રીતે જોડાયેલી છે, એમ તેમણે ઉમેર્યું હતું. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે નૌકાદળના પ્રયાસો પર ભાર મૂકતાં, સંરક્ષણ મંત્રીએ જણાવ્યું, "ભારતીય નૌકાદળનું યુદ્ધજહાજ ઉત્પાદન પરિસર હવે વૈશ્વિક માપદંડોને પૂર્ણ કરી રહ્યું છે. તાજેતરમાં કાર્યરત કરવામાંઆવેલા યુદ્ધજહાજોમાં ૩૫%થી વધુ સ્વદેશી સામગ્રી છે. આવનારા સમયમાં, આપણે માત્ર આપણી પોતાની જરૂરિયાતો જ પૂરી કરવાની નથી, પરંતુ મિત્ર વિદેશી દેશોને આપણા યુદ્ધજહાજોની નિકાસ પણ કરવાની છે. શ્રી રાજનાથ સિંહે હાલની સિસ્ટમોના મહત્વને સ્વીકારીને ભારતની દરિયાઈ દેખરેખ સંરચનાના નોંધપાત્ર અપગ્રેડેશન માટે આહ્વાન કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે દરિયાઈ વાહનવ્યવહારનું વર્ધનું પ્રમાણ અને જટિલતા વધુ સક્ષમ વિસ્ફોણાત્મક ક્ષમતાઓની માંગ કરે છે. શ્રી રાજનાથ સિંહે ૨૦૨૬ના ભારતીય નૌકાદળ માટે એક ઐતિહાસિક વર્ષ ગણાવ્યું, જેમાં ૧૮ યુદ્ધજહાજોને સામેલ કરવાની



જો સમુદ્રો સુરક્ષિત રહેશે, તો ભારત સુરક્ષિત રહેશે; જો ભારત સુરક્ષિત રહેશે, તો વિકસિત ભારતનો સંકલ્પ વધુ મજબૂત થશેઃ સંરક્ષણ મંત્રી

અવસ્થા કાર્યરત કરવાની યોજના છે, જે નૌકાદળના ઐતિહાસમાં એક જ વર્ષમાં થનારી સૌથી મોટી સૈન્ય ક્ષમતામાં વૃદ્ધિ હશે. તેમણે જણાવ્યું, "આ વિકાસ ભારતના સ્વાનિર્ભર નૌકાદળના જહાજ નિર્માણ પરિસરની વધતી પરિપક્વતાને પ્રતિબિંબિત કરેછે, જ્યારે એવાત પર પણ ભાર મૂકે છે કે ક્ષમતામાં વધુ વધારો કરવો હજુ પણ જરૂરી છે."

ઓલ રેફ્યુસ, ઓલ રોલ્સ"

અભિગમ હેઠળ મહિલા સશક્તિકરણ, ભરતી અને નવીનતા તરફ નૌકાદળના પ્રયાસોની પ્રશંસા કરતા સંરક્ષણ મંત્રીએ ફ્રન્ટલાઈન યુદ્ધ જહાજો અને વિમાનો પર મહિલા અધિકારીઓની તેનાતીને રેખાંકિત કરી હતી. તેમણે નાવિક સાગર પરિક્રમા યાત્રા, સહિત નૌકાદળ નેવિગેશનલ અભિયાનોમાં મહિલા અધિકારીઓની ભાગીદારીની પણ પ્રશંસા કરી હતી. શ્રી રાજનાથ સિંહે કમ્બાઈન્ડ મરીન ફોરેસીસ હેઠળ કમ્બાઈન્ડ ટાસ્ક ફોર્સ-૧૫૪ નો કમાન્ડ સંભાળવા બદલ ભારતીય નૌકાદળને અભિનંદન પાઠવ્યા હતા, જેને પ્રાદેશિક સહકારી સુરક્ષણમાં એક મહત્વપૂર્ણ યોગદાન તરીકે વર્ણવ્યું હતું. તેમણે CTF-154 ના ભારતના કમાન્ડ કાર્યકાળ દરમિયાન કોચી ખાતે આયોજિત ઓપરેશન સર્ધન રેડિનેસ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જેમાં ૨૭ દેશોના ૨૭૬ કર્મચારીઓ, ૭૬ ફેસિલિટેટર્સ અને વિષય નિષ્ણાતો અને ચાર આંતરરાષ્ટ્રીય સંગઠનો સામેલ હતા.

શ્રી રાજનાથ સિંહે ભારતીય નૌકાદળના કમાન્ડરોની બીજી પરિષદને સંબોધિત કરી

સંરક્ષણ મંત્રીએ લોકાયન-૨૬ માટે INS સુદર્શિનીની તેનાતીની વધુ પ્રશંસા કરી હતી, જેણે ભારતની દરિયાઈ વિરાસત પ્રદર્શિત કરવાની સાથે યુનાઈટેડ સ્ટેટ્સ, એટલાન્ટિક અને ભૂમધ્ય ક્ષેત્રોમાં ભારતની દરિયાઈ મુત્સદ્દીગીરી અને ભારતીય ડાયસ્પોરા સાથેના જોડાણને મજબૂત બનાવ્યું હતું. પોતાના સંબોધનના સમાપનમાં શ્રી રાજનાથ સિંહે યુદ્ધની ઉચ્ચ સ્તરની સજ્જતા જાળવવા અને ઉભરતા પડકારો છતાં સમગ્ર ક્ષેત્રમાં પોતાની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા બદલ ભારતીય નૌકાદળની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે ભારતની દરિયાઈ શક્તિનો ઉદ્દેશ્ય માત્ર સમુદ્રમાં રાષ્ટ્રીય ધ્વજ પ્રદર્શિત કરવાનો નથી, પરંતુ જ્યાં પણ જરૂરી હોય ત્યાં સુસંરક્ષણ, વિશ્વાસ અને આત્મવિશ્વાસનો સંદેશ આપે તે સુનિશ્ચિત કરવાનો છે. તેમણે ભારતીય નૌકાદળને સરકારના સમર્થનની પુનઃપુષ્ટિ કરી અને કહ્યું: "જો સમુદ્રો સુરક્ષિત રહેશે, તો ભારત સુરક્ષિત રહેશે; અને જો ભારત સુરક્ષિત રહેશે, તો વિકસિત ભારતનો સંકલ્પ વધુ મજબૂત થશે." શ્રી રાજનાથ સિંહે પરિષદ દરમિયાન ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) અનેચીફ ઓફ ધ આર્મી સ્ટાફ સાથે પણ વાતાલાપ કર્યોહતો. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૦૧ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલી આ ત્રણ દિવસીય સર્વોચ્ચ કક્ષાની પરિષદ ઓપરેશનલ સજ્જતા, દરિયાઈ સુસંરક્ષણ અને ભવિષ્યની ક્ષમતા વિકાસની સમીક્ષા કરવા માટે ભારતીય નૌકાદળના સર્વોચ્ચ નેતૃત્વનેએકસાથે લાવે છે.

નારીશક્તિની રક્ષા: અત્યાર સુધીમાં ૭.૩૦ લાખ કિશોરીઓને HPV રસીનું અમૃતકવચ પૂરું પાડ્યું ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ

દીકરીઓનું સ્વાસ્થ્ય એ રાજ્ય સરકાર માટે સૌથી મોટું પુણ્યકાર્યઃ કેન્દ્ર સરકારે HPV રસીકરણ અભિયાનની કામગીરી બિરદાવી વધુ ૨.૭૨ લાખ HPV વેક્સિનના ડોઝ ફાળવ્યા :- આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

કમલમ્,

કોઈપણ રાષ્ટ્રની આશા અને સંસ્કૃતિનો આધાર તેની નારીશક્તિ પર રહેલો છે. જ્યારે વાત દીકરીઓના સ્વાસ્થ્યની આવે, ત્યારે લેવાયેલું એક સચોટ પગલું આવનારી પેઢીઓનું ભવિષ્ય બદલી નાખે છે. ગુજરાત સરકારે આરોગ્ય ક્ષેત્રે આવો જ એક અભૂતપૂર્વ અને ક્રાંતિકારી ઇતિહાસ રચ્યો છે. ગર્ભાશયના મુખના કેન્સર જેવા અતિ ગંભીર રોગ સામે દીકરીઓને આજીવન રક્ષણ આપવા માટે શરૂ કરાયેલા રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાનમાં ગુજરાતે માત્ર ૩ મહિનામાં સૌ ટકા દીકરીઓનું સફળ રસીકરણ કરીને સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ગર્ભાશયનું કેન્સર એ મહિલાઓમાં જોવા મળતા કેન્સરમાં સૌથી ચિંતાજનક રોગો પૈકીનો એક છે. પરંતુ યોગ્ય સમયે અપાયેલી રસી આ રોગને થતો





સંપૂર્ણપણે અટકાવી શકે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વ હેઠળ ગુજરાતે આ ઝુંબેશને એક 'મહાયજ્ઞ'ની જેમ ઉપાડી હતી. જેના પરિણામ અત્યારસુધીમાં ૧૪ વર્ષની પાત્રતા ધરાવતી અંદાજિત ૭.૩૦ લાખથી વધુ કિશોરીઓને HPV વેક્સિનેશન હેઠળ આવરી લીધી હતી. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ આ સફળતાની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની આ ઉત્કૃષ્ટ કામગીરીની નોંધ લઈને કેન્દ્ર સરકારે ૭ સપ્ટેમ્બરે રાજ્ય માટે વધુ ૨.૭૨ લાખ HPV રસીના ડોઝ ફાળવ્યા હતાં. આ અભિયાનને વધુ વેગ આપવા માટે ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે શરૂ કરાયેલા 'સેવા પર્વ'ના ૧૭ થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન રસીકરણ ઝુંબેશનો પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશ અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બરના પ્રારંભિક દિવસે જ રાજ્યની ૭૧ હજારથી વધુ દીકરીઓનું રસીકરણ કરીને એક નવો ઐતિહાસિક વિક્રમ સર્જાયો હતો. માત્ર ૧૦ દિવસના આ 'સેવા પર્વ' દરમિયાન કુલ ૧.૪૭ લાખથી વધુ કિશોરીઓને સુરક્ષા કવચ પૂરું પાડીને સરકારે નિર્ધારિત લક્ષ્યાંક સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. રાજ્ય સરકાર માટે ટીકરીના સ્વાસ્થ્ય અને કલ્યાણથી વધીને બીજું કોઈ પુણ્યનું કામ હોઈ ન શકે. સરકાર અને આરોગ્યતંત્ર પોતાની સંપૂર્ણનિષ્ઠાથી કાર્યરત છે, પરંતુ આ પવિત્ર મહાયજ્ઞની આખરી સફળતા વાલીઓની જાગૃતિ પર જ નિર્ભર કરેછેતેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, જે ૪ વર્ષનીદીકરીઓકોઈરહેજરહ્યસર રસી લેવાથી વંચિત રહી ગઈ હોય, તેમના વાલીઓએસહેજ પણવિલંબ કર્યા વિના નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ. વાલીઓની સુવિધા અને તમામ કિશોરીઓને સુરક્ષાકવચ આપવાના ઉદ્દેશ્યથી રાજ્યસરકારે આ રસીકરણ અભિયાનની મુદત લંબાવીને ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ કરી છે. હવે રાજ્યની તમામ મેડિકલ કોલેજ હોસ્પિટલો, જિલ્લા તથા સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલો, અને તમામ CHC તથા PHC કેન્દ્રોપર ૧૪ વર્ષની દરેક કિશોરી માટે આ જીવનરક્ષક રસી તદ્દન મફત ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

તંત્રી સ્થાનેથી......

ભારત સરકાર દ્વારા ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ટેકાનો ભાવ ડાંગર (કોમન) માટે રૂ. ૨૪૪૧/-પ્રતિ ક્વિ, ડાંગર (ગ્રેડ-એ) માટે રૂ. ૨૪૬૧/-પ્રતિ ક્વિ.,મકાઈ માટે રૂ. ૨,૪૧૦/- પ્રતિ ક્વિ. બાજરી માટે રૂ.૨૯૦૦/- પ્રતિ ક્વિ., (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/-પ્રતિ ક્વિ) જુવાર(હાઈબ્રીડ) રૂ. ૪૦૨૩/- પ્રતિ ક્વિ (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ), જુવાર (માલદંડી) રૂ.૪૦૭૩/-પ્રતિ ક્વિ(ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/-પ્રતિ ક્વિ). તથા રાગી માટે રૂ. ૫૨૦૫/-પ્રતિ ક્વિ. (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/-પ્રતિ ક્વિ) નિયત કરવામાં આવ્યું છે. ખેડુતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી, જુવાર, તથા રાગીની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મારફતે કરવામાં આવનાર છે.

નોંધણી પ્રક્રિયા-

લઘુતમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ,બાજરી,જુવાર તથા રાગીનું વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તા.૦૨ ઓક્ટોબર-૨૦૨૬ થી ૩૧ ઓક્ટોબર-૨૦૨૬ સુધી કરવામાં આવશે. જ્યારે આ ડાંગર, બાજરી, જુવાર મકાઈ તથા રાગીની ખરીદી તા.૧૬ નવેમ્બર-૨૦૨૬થી ૧૫ જાન્યુઆરી- ૨૦૨૭ સુધી કરવામાં આવશે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે. જેથી ટેકાના ભાવે પાક વેચાણ કરવા માંગતા તમામ ખેડૂતો મિત્રોએ ઓનલાઈન નોંધણી કરાવવા નિગમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જરૂરી ડોક્યુમેન્ટ્સઃ-

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, તાજેતરનો ગામ નમૂનો, ૭/૧૨ ,૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/અ માં ન થઈ હોય તો તલાટીના સહી-સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત બેંકપાસબૂકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવી જરૂરી છે.

SMS દ્વારા જાણઃ

ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદાર બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખેડૂત મિત્રોએ નોંધ લેવાની રહેશે. નોંધણી અંગે વધુ વિગતો માટે હેલ્પ લાઈન નંબરઃ- ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે તેમ નિગમ દ્વારા વધુમાં જણાવાયું છે.

કેન્દ્રીય મંત્રી શ્રી મનોહર લાલે આજે નવી દિલ્હીમાં સ્વચ્છતા માટે ૫૦ મોડેલ શહેરો વિકસાવવા માટે પ્રગતિ-૫૦ પહેલનો પ્રારંભ કરાવ્યો



કમલમ્,

૫૧મી પ્રગતિ (PRAGATI) બેઠક દરમિયાન માનનીય પ્રધાનમંત્રીના નિર્દેશોને અનુસરીને, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) એ લક્ષિત, કેપીઆઈ (KPI)-આધારિત કાર્યવાહી દ્વારા અને સ્વચ્છ ભારત મિશન-શહેરી ૨.૦ ના માળખામાં સઘન અને ટેકનોલોજી-સક્ષમ દેખરેખનો ઉપયોગ કરીને 'સ્વચ્છતા'ના ઉચ્ચ બેંચમાર્કને દર્શાવવા માટે પ્રગતિ-૫૦ પહેલ હેઠળ ૫૦ મોડેલ શહેરોની ઓળખ કરી છે.

શહેરોની યાદી જોવા માટે અહીં ક્લિક કરો

શુભારંભપ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી મનોહર લાલે ભારપૂર્વક જણાવ્યું હતું કેઃ "૨૪ રાજ્યોના આ ૫૦ શહેરો બાકીના દેશ માટે સ્વચ્છ રોલ-મોડેલ શહેરો તરીકે ઉભરી આવશે, જે દ્રશ્યમાન સ્વચ્છતાના ટકાઉ, ઉચ્ચ-પ્રદર્શન પરિમાણોને દર્શાવવા માટે તેમની નિયમિત સ્વચ્છતા કામગીરીથી આગળ વધશે. અમે મુખ્ય શહેરો, સાંસ્કૃતિક મહત્વ ધરાવતા શહેરો, ઉચ્ચ પ્રવાસન સ્થળો અને આર્થિક કેન્દ્રોનો સમાવેશ સુનિશ્ચિત કર્યો છે. આ પહેલનો ઉદ્દેશ્ય નિશ્ચિત સમયમર્યાદામાં દેખરેખ અને સમીક્ષાના માળખાગત ઢાંચા દ્વારા શહેરી સ્વચ્છતા, ઘન કચરા વ્યવસ્થાપન, વપરાયેલા પાણીનું વ્યવસ્થાપન, સેનિટેશન અને નાગરિકોની ભાગીદારીમાં દ્રશ્યમાન સુધારાઓ લાવવાનો છે. પરિણામ-આધારિત મૂલ્યાંકન અને ટેક-સક્ષમ દેખરેખ દ્વારા પ્રગતિની સતત સમીક્ષા કરવામાં આવશે. આ શહેરોની પ્રગતિ પર નજર રાખવા માટે હું વ્યક્તિગત રીતે દર બીજા મહિને સમીક્ષા બેઠકોની અધ્યક્ષતા કરીશ." પોતાના વક્તવ્યમાં આવાસ અને શહેરી બાબતોના રાજ્ય મંત્રી શ્રી તોખન સાહૂએ જણાવ્યું હતું કે છેલ્લાં એક દાયકામાં સ્વચ્છતા એક જન આંદોલનમાંથી જીવનશૈલીમાં પરિવર્તિત થઈ છે. નવા મોડેલ શહેરોની પહેલના પ્રારંભનો ઉલ્લેખ કરતાં, શ્રી સાહૂએ કહ્યું કે તે શહેરોને નિર્ધારિત સમયમર્યાદામાં કચરા મુક્ત શહેરોના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરશે અને તેમને અન્ય શહેરી કેન્દ્રો માટે રોલ મોડેલ તરીકે ઉભરી આવવા માટે સક્ષમ બનાવશે. તેમણે રાજ્યો અને શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સૂક્ષ્મ સ્તરની એક્શન પ્લાન તૈયાર કરવા અને તેમનો ઝડપી તથા અસરકારક અમલ સુનિશ્ચિત કરવા આહ્વાન કર્યું હતું. યુવા શક્તિ અને ટેકનોલોજીના વધતા જતા સંકલનને રેખાંકિત કરતાં, મંત્રીશ્રીએ નોંધ્યું કે ભારત વિશ્વના ત્રીજા સૌથી મોટા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે ઉમેર્યું કે આઈઆઈટી કાનપુરના સહયોગથી ત્રીજી કોહોર્ટનો પ્રારંભ એ મિશન હેઠળ ૭૫ સ્ટાર્ટઅપ્સને ઓનબોર્ડ અને ઈન્ક્યુબેટ કરવાના રાષ્ટ્રીય લક્ષ્યની સિદ્ધિને પણ દર્શાવે છે. અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ (DoUD), MoHUA ના સચિવ શ્રી સતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ઉત્તમ નાગરિક અનુભવ અને સમગ્ર સર્વિસ ડિલિવરી સુનિશ્ચિત કરવાની દિશામાં પ્રયાસો કરવામાં આવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પહેલ "સિટી એઝ અ હોલ" (સમગ્ર શહેર) અભિગમને અપનાવે છે, જેમાં તમામ હિતધારકો, ભાગીદારો અને શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો આયોજન અને અમલીકરણમાં સમાવેશ થાય છે તે સુનિશ્ચિત કરવામાં આવે છે. કાર્યક્ષમ દેખરેખ સુનિશ્ચિત કરવા માટે, સ્વચ્છતમ પોર્ટલ પર પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લીમેન્ટેશન (PRAGATI) જેવી ડિજિટલ સમીક્ષા પ્રણાલી સ્થાપિત કરવામાં આવી છે. મંત્રાલયના અધિકારીઓને નિયમિત સુપરવિઝન અને માર્ગદર્શન માટે ચોક્કસ શહેરો સોંપવામાં આવશે. ટકાઉ શહેરી પરિવર્તન ક્ષમતા નિર્માણ અને સતત શિક્ષણ પર આધારિત છે તે બાબતને ધ્યાનમાં રાખીને, SBM-U એ તકનીકી માર્ગદર્શિકાઓ, મોડેલ ડિઝાઈન અને લક્ષિત સલાહકારો સાથે હિતધારકોને સશક્ત બનાવ્યા છે. કાર્યક્રમ દરમિયાન, પ્રોજેક્ટ્સના જમીન પરના અમલીકરણને વધુ સપોર્ટ કરવા માટે, કન્સ્ટ્રક્શન એન્ડ ડિમોલિશન વેસ્ટ (C&D) માટે સેકન્ડરી કલેક્શન સેન્ટર સ્થાપવા માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ હેઠળ ફરજિયાત મુનિસિપલ સોલિડ વેસ્ટના સ્ત્રોત પૃથક્કરણ (Source Segregation) માટેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. સ્વચ્છ ભારત ટેસ્ટ બેડ અને ઈનોવેશન સેન્ટરઃ મિશન દ્વારા સંશોધન અને નવીનતાને સતત સ્વચ્છતાના પ્રેરક બળ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. CSIR-CMERI ના સહયોગથી, MoHUA એ દુર્ગાપુર ખાતે સ્વચ્છ ભારત ટેસ્ટ બેડ અને ઈનોવેશન સેન્ટર લોન્ચ કર્યું, જે સેનિટેશન ટેકનોલોજીમાં સંશોધન, પ્રોડક્ટ ડેવલપમેન્ટ, ટેસ્ટિંગ, વેલિડેશન, સર્ટિફિકેશન અને ક્ષમતા નિર્માણ માટેની રાષ્ટ્રીય સુવિધા છે. સ્ટાર્ટઅપ્સની ત્રીજી કોહોર્ટઃ છેલ્લાં એક દાયકામાં, SBM–અર્બન પરંપરાગત કચરા વ્યવસ્થાપનમાંથી કટિંગ-એજ, ટેક્નોલોજી આધારિત ઉકેલો તરફ વળ્યું છે. મિશને નવીનતાને વેગ આપવા માટે કચરાની મૂલ્ય શૃંખલામાં ૭૫ સ્ટાર્ટઅપ્સને જોડ્યા છે. સાહસિકતાના વેગ પર સવાર થઈને, MoHUA એ આઈઆઈટી કાનપુર ખાતેના સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેશન એન્ડ ઈનોવેશન સેન્ટર (SIIC)ના સહયોગથી, સેનિટેશન અને કચરા વ્યવસ્થાપનમાં અગ્રણી ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરતી સ્ટાર્ટઅપ્સની ત્રીજી કોહોર્ટ લોન્ચ કરી છે. કોહોર્ટ ૩ માં ૧૩ સ્ટાર્ટઅપ્સ જોડાવા સાથે, આ પહેલ સ્વચ્છ, ટેકનોલોજી આધારિત શહેરી ઉકેલોને ઝડપી બનાવી રહી છે. સમર્પિત વોટ્સએપ વિન્ડો/ચેનલઃ ફરિયાદો નોંધાવવા અને ફરિયાદ નિવારણ મેળવવા માટે નાગરિકો માટે એક મહત્વપૂર્ણ ઈન્ટરફેસ - સ્વચ્છતા એપને એક ડગલું આગળ લઈ જઈને, નાગરિકો માટે તેમની ફરિયાદો નોંધાવવાનું અને તેમના શહેરોને સ્વચ્છ રાખવામાં સક્રિયપણે યોગદાન આપવાનું સરળ બનાવવા માટે એક સમર્પિત વોટ્સએપ ચેનલ લોન્ચ કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી શ્રી મનોહર લાલ દ્વારા સ્વચ્છતા બિહેવિયર ચેન્જ ડિજિટલ કોષ - વધુ સ્વચ્છ અને વધુ ટકાઉ ભારત માટે વર્તણૂક પરિવર્તનને મજબૂત કરવા માટે વિચારો, સર્જનાત્મકતાઓ, અભિયાનો અને સંસાધનોને એકસાથે લાવતો એક ડિજિટલ ભંડાર લોન્ચ કરવામાં આવી હતી. આ પ્લેટફોર્મ રાજ્યો, ULBs અને હિતધારકોને ઉપયોગ માટે તૈયાર સંચાર સંસાધનો, નવીન અભિયાન વિચારો અને એડવોકેસી સામગ્રી પૂરી પાડશે — જે સ્વચ્છતાને એક ટેવ અને જીવનશૈલી બનાવવા માટે જ્ઞાન વહેંચણી, પુનરાવર્તન અને નાગરિક-કેન્દ્રી સંચારને સક્ષમ બનાવશે. રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ (RRR): સ્વચ્છતા હી સેવા ૨૦૨૬ ના ભાગરૂપે, કેન્દ્રીય મંત્રી શ્રી મનોહર લાલે સંકલ્પ ભવન, નવી દિલ્હી ખાતે રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ (RRR) સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. કેન્દ્રીય મંત્રાલય કાર્યાલયમાં આ પ્રકારના પ્રથમ કેન્દ્ર તરીકે તેની પરિકલ્પના કરવામાં આવી છે. આ પહેલ સરકારી કાર્યસ્થળોમાં ટકાઉ વપરાશ, પુનઃઉપયોગ, સંસાધન પુનઃપ્રાપ્તિ અને સર્ક્યુલરિટીને પ્રોત્સાહન આપશે. ભારતની શહેરી સ્વચ્છતા યાત્રામાં એક મહત્વપૂર્ણ આગે કૂચ — MoHUA સ્થિતિસ્થાપક, ભવિષ્ય માટે તૈયાર શહેરો બનાવવા માટે નવીનતા, પીઅર લર્નિંગ અને ક્ષમતા નિર્માણને પ્રોત્સાહિત કરી રહ્યું છે. ભારત જેમ વિકસિત ભારત ૨૦૪૭ તરફ આગળ વધી રહ્યું છે, તેમ આગળનો માર્ગ સ્પષ્ટ છેઃ વૈજ્ઞાનિક કચરા વ્યવસ્થાપન, સરક્યુલર ઈકોનોમી અને ટકાઉ શહેરી પ્રણાલીઓ દ્વારા સંચાલિત કચરા મુક્ત શહેરો.

આગામી તા. ૭મી ઓકટોબરે ભરૂચના દૂધધારા ડેરી ગ્રાઉન્ડ ખાતે યોજાશે 'સેવા જયોતિ યાત્રા'



કમલમ્, ભરૂચ

સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત ભરૂચ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોની હારમાળા યોજાઈ રહી છે. જેના ભાગરૂપે આગામી તા.૦૭/૧૦/૨૦૨૬ના રોજ ભરૂચના દૂધધારા ડેરી ગ્રાઉન્ડ ખાતે 'સેવા જ્યોતિ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના સફળ સંચાલન અને પૂર્વતૈયારીઓના આયોજન અર્થે ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી (DDO) શ્રી યોગેશભાઈ કાપસેના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.સેવા જયોતિ યાત્રાના પ્રસ્થાનથી કાર્યક્રમના સ્થળ સુધી કાયદો અને વ્યવસ્થા, પબ્લિક મોબિલાઈઝેશન અને સીટિંગ એરેન્જમેન્ટની કામગીરી, સાંસ્કૃતિક કાર્યક્રમ, પાર્કિંગ, ફૂડ પેકેટ, પીવાના પાણી વગેરે જેવી કાર્યક્રમને અનુલક્ષીને આનુસંગિગ વ્યવસ્થાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત 'સેવાના રંગ, રાષ્ટ્રના રંગ' શિર્ષક હેઠળ જિલ્લામાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, ટીમવર્ક, સ્થાનિક સંસ્કૃતિ અને સામૂહિક ભાગીદારીને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે આગામી તા. ૦૩ થી ૦૬ ઓક્ટોબર દરમિયાન જિલ્લા કક્ષાની રંગોળી અને કોલાજ વર્ક (અનાજ-કઠોળ કૃતિ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠક દરમિયાન ઈન્ચાર્જ કલેક્ટરશ્રીએ સંબંધિત તાલુકા અને સ્થાનિક અધિકારીઓને સ્પર્ધાના આયોજન અંગે જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. આ સ્પર્ધા વ્યક્તિગત, ગ્રુપ રંગોળી અને ફ્લૂલ માધ્યમ એમ ત્રણ અલગ-અલગ શ્રેણીઓમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ ઓનલાઈન પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે, જે માટેની લિંક સાંસ્કૃતિક વિભાગના પરામર્શમાં ટૂંકસમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. સ્પર્ધાના વિજેતાઓને તા. ૭મી ઓક્ટોબરે યોજાનાર મુખ્ય કાર્યક્રમમાં પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવશે. જિલ્લા કલેક્ટરશ્રીએ કાર્યક્રમની બંને કાર્યક્રમની ઉજવણી સંદર્ભે વિવિધ સૂચનો આપ્યા હતા. કાર્યક્રમ સફળતાપૂર્વક થાય તેના સુચારુ અને સુવ્યવસ્થિત આયોજન કરવા સંબંધિત અધિકારીશ્રીઓને દિશાનિર્દેશ આપ્યા આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં જિલ્લા અધિક કલેક્ટર શ્રી આર.બી. ભોગાયતા અને વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રી ભરૂચ જે.પી. કોલેજખાતેના કલસ્ટર કક્ષાના ઔદ્યોગિક રોજગાર ભરતી મેળામાં સહભાગી બન્યાં

જિલ્લાના આશરે ૨૪૦૦ રોજગારવાંચ્છુ યુવાઓને તક : ઔદ્યોગિક એકમો સહિતના ૬૦ નોકરીદાતા ઉપસ્થિત રહ્યા



કમલમ્, ભરૂચ

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જનસેવા યાત્રા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ તેમજ નર્મદા દ્વારા ભરૂચની જે.પી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ અને એસ.વી.એમ.આઈ.ટી કોલેજના પટાંગણ ખાતે આજરોજ કલસ્ટર કક્ષાના ઔદ્યોગિક રોજગાર ભરતી મેળાનું આયોજન ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. આ તકે, યુવાઓને પ્રોત્સાહિત કરવાની સાથે તેમની સાથે પ્રત્યક્ષ સંવાદ પણ સાધ્યો હતો. ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રી દ્વારા દીપ પ્રાગટ્ય થકી રોજગાર ભરતી મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, વિવિધ કંપનીઓને ભરૂચ અને નર્મદા જિલ્લાના આઈટીઆઈ (ITI) તથા અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા મોટી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે રોજગારીની તકોની જરૂરિયાત હતી. આ તકો આજે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શન હેઠળ જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ દ્વારા પૂરી પાડવામાં આવી છે. આ સાથે જ તેમણે રોજગાર ભરતી મેળામાં ભાગ લેનાર ભરૂચ જિલ્લાના તમામ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાનોને અધિકાર મળે અને તેમના કૌશલ્યને નિખાર મળવાની સાથે તેમની મનપસંદના ક્ષેત્રમાં રોજગારી મળી રહે તે માટે વિઝન આપ્યું છે. ભરતી મેળામાં ધોરણ ૧૦થી લઈને ગ્રેજ્યુએટ, બી.ઈ. (મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ), એમ.કોમ. અને એમ.બી.એ. (માર્કેટિંગ) જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુભવી તેમજ બિનઅનુભવી મહિલા અને પુરુષ ઉમેદવારોએ ભાગ લીધો હતો. ભરતીમેળામાં વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારીની તકો પૂરી પાડવાના હેતુથી ૬૦થી વધુ કંપનીઓ દ્વારા સીધી ભરતી માટે ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા.આ ઉપરાંત, ભરતીમેળામાં ઉમેદવારોને વિદેશમાં શિક્ષણ અને રોજગારીની તકો, સુરક્ષિત અને કાયદેસર સ્થળાંતર, પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના, પ્રધાનમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના, પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના તેમજ સ્વરોજગાર માટેની લોન અને સહાય યોજનાઓ, સ્ટાર્ટઅપ અને સ્ટેન્ડઅપ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ વ્યવસાયલક્ષી તાલીમ, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને ઓનલાઈન રોજગારીની તકો અંગે કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ભરૂચ અને નર્મદા જિલ્લાના ઉમેદવારોએ રોજગાર ભરતી મેળાનો લાભ લીધો હતો. આ રોજગાર ભરતી મેળામાં ૨૪૦૦થી વધુ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી હતી. ભરતી મેળામાં જિલ્લા રોજગાર કચેરીના અધિકારીશ્રી સંજયભાઈ ગોહિલ અને કોલેજના આચાર્ય સહિત અન્ય મહાનુભાવો તેમજ ઉમેદવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉનાને ૨.૨૬ કરોડના વિકાસકાર્યોની ભેટ, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ

ઉનાના વિકાસમાં વધુ એક સિમાચિહ્નઃ ૧.૩૧ કરોડના સી.સી. રોડનું ખાતમુહૂર્ત અને ૯૫ લાખના બગીચાનું લોકાર્પણ સંપન્ન





કમલમ્,

ઉના શહેર અને તાલુકાના સર્વાંગી વિકાસ માટે સતત કટિબદ્ધ એવા ઉનાના વિકાસશીલ ધારાસભ્યશ્રી કે.સી. રાઠોડ (કાળુભાઈ રાઠોડ) ના નેતૃત્વમાં આજે ઉના નગરપાલિકા વિસ્તારમાં બે મહત્વપૂર્ણ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

કયા કામોનું લોકાર્પણ થયું

૧. વોર્ડ નં. ૫ - ભીમપરા વિસ્તારમાં સી.સી. રોડનું ખાતમુહૂર્તઃ

ભીમપરા વિસ્તારમાં આવેલ રેલ્વે ફાટકથી પાલેશ્વર મંદિર સુધી રૂ. ૧ કરોડ ૩૧ લાખના ખર્ચે નિર્માણ થનાર અત્યાધુનિક સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ રોડ બનવાથી સ્થાનિક રહીશોની વર્ષો જૂની માંગણી પૂર્ણ થશે અને અવર-જવરમાં સરળતા રહેશે.

૨. વોર્ડ નં. ૪ - તુલસીધામ સોસાયટીમાં બગીચાનું લોકાર્પણઃ

તુલસીધામ સોસાયટી વિસ્તારમાં રૂ. ૯૫ લાખના ખર્ચે નિર્માણ પામેલ અત્યાધુનિક અને સુંદર બગીચાનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ બગીચો વિસ્તારના બાળકો, વડીલો અને પરિવારો માટે આરોગ્ય અને મનોરંજનનું કેન્દ્ર બનશે.

આ બંને વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ ઉનાના લોકપ્રિય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ તેમજ ઉના નગરપાલિકાના પ્રમુખશ્રી હર્ષાબેન ભોળુભાઈ રાઠોડના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવ્યું.પ્રસંગે ધારાસભ્યશ્રી કે.સી. રાઠોડે જણાવ્યું હતું કે, "ઉના શહેર-તાલુકાના વિકાસ માટે અમે સતત કટિબદ્ધ છીએ. નગરજનોને પાયાની સુવિધાઓ જેવી કે રોડ, પાણી, બગીચા અને લાઈટ ઝડપથી મળી રહે તે અમારી પ્રાથમિકતા છે."આ કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા સંગઠનના હોદ્દેદારશ્રીઓ, ઉના નગરપાલિકાના સદસ્યશ્રીઓ, વિસ્તારના આગેવાનો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. વિકાસકાર્યોના લોકાર્પણથી સમગ્ર વિસ્તારમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

વડગામ તાલુકાના પાંચડા ખાતે સેવા અને સમર્પણનો સંકલ્પ અંતર્ગત "આંગણ ઉત્સવ" કાર્યક્રમ યોજાયો







કમલમ્,

આદરણીય વડાપ્રધાનશ્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ ઉજવણી "સેવા સંકલ્પ અભિયાન" નિમિત્તે વડગામ તાલુકાના પાંચડા ગામે આંગણવાડી ખાતે "આંગણ ઉત્સવ" ની દીપ પ્રાગટ્ય કરી ઉજવણી કરવામાં આવી. "વિકસિત ભારત ૨૦૪૭-જન સેવા અભિયાન અંતર્ગત આંગણ મિલન સેવા કાર્યક્રમ"માં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને ઉપસ્થિત મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આંગણવાડીના ભુલકાઓને માતૃ શક્તિ વગેરે પોષણયુક્ત ફૂડ પેકેટે, સુખડી, રમકડાં ગિફ્ટ અને ફળ આહાર આપવામાં આવ્યો હતો અને બાળકોના પોષણ, શિક્ષણ, સર્વાંગી વિકાસ અને મહિલા સશક્તિકરણ ઉજ્જવળ ભવિષ્ય માટે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું અને સેવા દિવસ ઉજવણી કરવામાં આવી અને બેનર પર બાળકને આપો પૌષ્ટિક આહાર, બાળક જ દેશનો આધારનો સંદેશ આપવામાં આવ્યો હતો અને આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ ભાજપાના બક્ષીપંચ મોરચા પ્રદેશ આમંત્રિત કારોબારી સદસ્ય શ્રી મુકેશભાઈ દરજી, બનાસકાંઠા જીલ્લા ભાજપા મંત્રી અને ડીસા શહેર ભાજપા પ્રભારી શ્રીમતી બબીબેન ચૌધરી, વડગામ તાલુકા ભાજપા બક્ષીપંચ મોરચા કારોબારી સદસ્ય શ્રી જગતસિંહજી રાજપૂત, વડગામ તાલુકા ભાજપા આગેવાન શ્રી રાજુજી મેઘાજી ઠાકોર, ભાજપા અગ્રણી શ્રી ધૂળાજી ઠાકોર, સરપંચ શ્રીમતી સીતાબેન મુકેશજી ઠાકોર, પાંચડા દૂધ મંડળી વાઈસ ચેરમેન શ્રી રામાજી ઠાકોર, ભાજપા અગ્રણી શ્રી ચેલાજી ઠાકોર, વડગામ તાલુકા પંચાયત ICDS આંકડા મદદનીશ શ્રી ચેતનભાઈ વ્યાસ, તલાટી શ્રીમતી ચંદ્રિકાબેન રાજપૂત, પૂર્વસરપંચ શ્રી જયેશભાઈ ચૌધરી, શ્રી માનસંગજી ઠાકોર, શ્રીમતી મધુબેન ઠાકોર, શ્રી ભીખાભાઈ પટેલ, ડાહ્યાજી ઠાકોર, આશા વર્કર બહેનો, સગર્ભા બહેનો, ધાત્રી બહેનો, ભુલકાઓ માતાઓ બહેનો વડીલો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત આંગણવાડી કાર્યકર બહેને કર્યું હતું. પ્રાસંગિક ઉદબોધન પ્રદેશ ભાજપા અગ્રણી શ્રી મુકેશભાઈ દરજી, જિલ્લા ભાજપા મંત્રી શ્રીમતી બબીબેન ચૌધરી અને તાલુકા ભાજપા અગ્રણી શ્રી જગતસિંહ રાજપુતે કર્યુ હતું. કાર્યક્રમનું સફળ સંચાલન આંગણવાડી કાર્યકર વૈશાલીબેન વાણીયા એ કર્યું હતું.

મોરબીમાં 'જ્ઞાનયજ્ઞ પુસ્તક મેળા'નો પ્રારંભ કરાવતા જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદ્યાસાગર અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી મુકેશ પટેલ

શાળા-કોલેજોના ગ્રંથાલયો માટે વિશેષ યોજનાઃ ૪૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે વિવેકગ્રામ પ્રકાશન મંડળના પુસ્તકો ભેટ અપાશે



કમલમ્, મોરબી

મોરબીમાં 'સેવા-સંકલ્પ અભિયાન' અંતર્ગત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-મોરબી અને શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, માંડવી-કચ્છ દ્વારા આયોજિત તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-મોરબી દ્વારા પ્રેરિત બે દિવસીય 'જ્ઞાનયજ્ઞ પુસ્તક મેળા'નો જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદ્યાસાગર અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. રવાપર રોડ પર આવેલા ઉમા હોલ ખાતે આયોજિત આ પુસ્તક મેળાનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચન આપતા જીવનમાં પુસ્તકો અને વાંચન સંસ્કૃતિનું મહત્ત્વ સમજાવી યુવા પેઢીને પુસ્તકપ્રેમી બનવા પ્રેરિત કર્યા હતા. તા. ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર દરમિયાન સવારે ૧૦:૦૦થી સાંજે ૦૮:૦૦ વાગ્યા સુધી યોજાનાર આ મેળામાં શૈક્ષણિક, નવલકથા, કાવ્યો, આરોગ્ય, પ્રેરણાદાયી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓના વિવિધ પુસ્તકો ૪૦ ટકા સુધીના વળતર સાથે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે જેનો મહત્તમ લાભ લેવા પુસ્તકપ્રેમીઓ તથા સંસ્થાઓને અનુરોધ કરાયો છે.

ESIC વિસ્તરણ અંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગાંધીનગર ખાતે યોજી પત્રકાર પરિષદ

ગુજરાતમાં ESIC યોજનાનો ઐતિહાસિક વિસ્તારઃ રાજ્યના ૩૧ જિલ્લાઓમાં પૂર્ણ અમલ થશે, ૧.૨૦ કરોડ નાગરિકોને મળશે સુરક્ષા કવચ :- શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા



રાજકોટમાં નવી ESIC SRO કચેરી મંજૂરઃ સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાના શ્રમિકોના કામ સ્થાનિક સ્તરે જ થશે :- શ્રમ અને રોજગાર મંત્રીશ્રી

કમલમ્,

ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) ના વિસ્તરણ સંદર્ભે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જે મુજબ, સામાજિક સુરક્ષા સંહિતા, ૨૦૨૦ હેઠળ તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી ગુજરાતના ૧૬ આંશિક અમલીકૃત અને ૧૫ બિનઅમલીકૃત મળી કુલ ૩૧ જિલ્લાઓમા ESIC યોજનાનો પૂર્ણ અમલ કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ નિર્ણય હેઠળ ESIC ના સંપૂર્ણ અમલીકૃત ૧૫ જિલ્લાઓમાં અમરેલી, અરવલ્લી, બનાસકાંઠા, બોટાદ, છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, કચ્છ, મહિસાગર, નર્મદા, પાટણ, તાપી અને વાવ-થરાદના સમાવેશ થાય છે. જ્યારે આંશિક અમલીકૃત ૧૬ જિલ્લાઓમાં અમદાવાદ, આણંદ, ભરૂચ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ખેડા, મહેસાણા, મોરબી, નવસારી, પંચમહાલ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરત અને સુરેન્દ્રનગરના નિર્ધારિત વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે. આરોગ્ય સુવિધાઓ અંગે વધુ વિગતો આપતા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, "હાલમાં રાજ્યમાં 103 ESIS ડિસ્પેન્સરીઓ અને 11 ESIC/ESIS હોસ્પિટલો કાર્યરત છે. આ ઉપરાંત શ્રમિકોને પ્રાથમિક સારવાર મળી રહેતે માટે 234 CHC અને PHC ને એમ્પેનલ કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, સાણંદ ખાતે ૩૫૦ બેડ અને કલોલ-ગાંધીનગર ખાતે ૧૫૦ બેડની ક્ષમતા ધરાવતી ESIC હોસ્પિટલનું નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે. જ્યારે હાલોલ - પંચમહાલ અને વલસાડ વડોદરા ખાતે ૧૦૦-૧૦૦ બેડની હોસ્પિટલો માટે જમીન ફાળવણીની પ્રક્રિયા ચાલી રહેલ છે. આ સાથે મહેસાણા, ગાંધીધામ અને મોરબી ખાતે નવી ESIC હોસ્પિટલો શરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ભલામણ મોકલવામાં આવશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, અમદાવાદ ખાતે ESIC મેડિકલ કોલેજ કાર્યરત કરી દેવામાં આવી છે અને સુરત ખાતે નવી કોલેજની પ્રક્રિયા ચાલુ છે. શ્રમિકોને ઘરની નજીક ઉત્તમ તબીબી સેવાઓ મળે તે હેતુથી છેલ્લા બે મહિનામાં ૧૩ સરકારી અને પપ ખાનગી મળી કુલ ૬૮ પ્રતિષ્ઠિત હોસ્પિટલોને ESIC ની પેનલમાં જોડવામાં આવી છે. આ ઉપરાંત PM-JAY હેઠળની ૯૦૦ ખાનગી અને ૧,૧૨૩ સરકારી હોસ્પિટલો મારફતે પણ પાત્ર શ્રમિકોને સીધી કેશલેસ સારવારનો લાભ મળશે. વધેવટી વ્યવસ્થા અંગે વધુ માહિતી આપતા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને આસપાસના વિસ્તારોના શ્રમિકોને સ્થાનિક સ્તરે જ સુવિધાઓ મળી રહે તે હેતુથી રાજકોટ ખાતે નવી ESIC પેટા પ્રાદેશિક કાર્યાલય - Sub-Regional Office - SRO ને મંજૂરી આપવામાં આવી છે. આ નવી કચેરી શરૂ થવાથી સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાઓના વહીવટી કામકાજ, ચોકદાન અને કલેઈમ સંબંધિત તમામ કામગીરી વધુ ઝડપી અને સુચારુ રીતે હાથ ધરી શકાશે. રાજ્યમાં હાલમાં અંદાજે ૨૧.૬૮ લાખ ESIC હેઠળ નોંધાયેલા કામદારો છે જેમાં તેમના પરિવારજનો મળીને કુલ આશરે ૮૪ લાખ લાભાર્થીઓ આરોગ્ય તથા સામાજિક સુરક્ષાનો લાભ મેળવી રહ્યા છે. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા સમગ્ર ગુજરાતમાં આ યોજના પૂર્ણપણે લાગુ કરવામાં આવ્યા બાદ વધુ ૮ થી ૧૦ લાખ નવા કામદારો નોંધાશે. આ વ્યાપક વિસ્તરણના પરિણામે રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોની સંખ્યા વધીને અંદાજે ૩૨ લાખ સુધી પહોંચશે, જેનાથી શ્રમિકો અને તેમના પરિવારજનો સહિત રાજ્યના કુલ ૧.૨૦ કરોડ નાગરિકોને ESIC યોજના હેઠળ કેશલેસ સારવાર અને સામાજિક સુરક્ષાનું મજબૂત કવચ પ્રાપ્ત થશે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં ESI કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના ઈન્સ્યોરન્સ કમિશનર શ્રી રતેશ કુમાર ગૌતમ, રીજિનલ ડાયરેક્ટર અમદાવાદ શ્રી હેમંતકુમાર પાંડે, ESI ના મેડીકલ સર્વિસના નિયામક ડૉ. મોનિકા પટેલ તથા રાજ્યતબીબી અધિકારી ડૉ. વિજય પાણક ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ માટે ગૌરવની ક્ષણ- હનુમાન શેરીની દીકરી દ્રષ્ટી ભાનુશાલીએ ભાતીગળ ગરબામાં રાષ્ટ્રીય સન્માન મેળવ્યું

સોમનાથ સ્વાભિમાન પર્વમાં પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ૧૩ વર્ષીય દ્રષ્ટીએ ગરબાનું પ્રસ્તુતિકરણ કર્યું હતું



કમલમ્,વલસાડ

કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય વિભાગ હસ્તકના માય ભારત (My Bharat) દ્વારા સુરતના આંગણે આયોજિત શેરી ગરબા, ભાતીગળ ગરબા, પ્રાચીન ગરબા અને અવા ચીન ગરબા સ્પર્ધામાં વલસાડના દિક્ષીત મોહલ્લામાં હનુમાન શેરીખાતે રહેતી અને સેન્ટ જોસેફ ઈ.ટી. હાઈસ્કુલમાં ધો. ૮માં અભ્યાસ કરતી દ્રષ્ટિ ભાનુશાલીએ ભાતીગળ ગરબાની આ ગવૈ પરંપરાને જાળવી રાખવા બદલ રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કરી વલસાડનું ગૌરવ વધાર્યું છે. સુરત ખાતે યોજાયેલા આ ભવ્ય ગરબા કાર્યક્રમમાં સુરતના સાંસદ મુકેશભાઈ દલાલ, ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, મેયર મા યાબેન માવાણી, પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા દિલ્હીના પ્રભારી દર્શનાબેન જરદોશ સહિત અનેક મહાનુભાવોના હસ્તે દ્રષ્ટિ ભાનુશાલીનું સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાતી લોકસંસ્કૃતિ અને ભાતીગળ ગરબાની પરંપરાને જીવંત રાખનાર દ્રષ્ટિ ભાનુશાલીને આ રાષ્ટ્રીય સન્માન બદલ શાળા પરિવાર પણ અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરી હતી. દ્રષ્ટિએ ખુબ નાની ઉમરથી ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાં પોતાની કલાનું સુંદર પ્રદર્શન કરી વલસાડ અને ગુજરાતનું નામ રોશન કરતી આવી છે. સોમનાથ સ્વાભિમાન પર્વમાં પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગરબાનું પ્રસ્તુતિકરણ કર્યું હતું. જે કોટો વડાપ્રધાનશ્રીએ પોતાના સોશિયલ મીડિયા એક્સઉપર ઉપલ અપલોડ કર્યા હતો. આ ગૌરવપૂર્ણ સન્માન બદલ માય ભારત, કલાગુરુ ચિંતન સતીશ વશી, ગીતાંજલિ ઈંટાલિયા તથા ગૌરવભાઈ સહિત સમગ્ર ટીમે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપ્યું હતું.

બાળકોના સર્વાંગી વિકાસ માટે આંગણવાડી અને ઘર વચ્ચે સેતુઃ અમરેલીમાં વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે 'આંગણ મિલન' સંપન્ન।

ભરૂચના દાંડીયા બજારની આંગણવાડીમાં 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયોઃ બાળકો, વાલીઓ અને કિશોરીઓએ ઉત્સાહભેર લીધો ભાગ



કમલમ્,ભરૂચ

દાંડીયા બજાર ખાતે 'આંગણ મિલન સેવા' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકો, વાલીઓ, કિશોરીઓ અને આંગણવાડી વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનાવવાનો તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે ઘર અને આંગણવાડી વચ્ચે સહભાગિતાનું ઉત્તમ વાતાવરણ ઊભું કરવાનો હતો. આંગણવાડી વિભાગના સંયુક્ત પ્રયાસોથી સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહભેર અને આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભરૂચ મહિલા મોરચાના સદસ્ય શ્રી મુખ્ય સેવિકા, તેમજ અર્બન્સ સેન્ટરના આશા વર્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ બાળકો દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓને રસપૂર્વક નિહાળી હતી અને બાળકો સહિત આંગણવાડી કાર્યકર બહેનોની મહેનતને બિરદાવીને તેમને ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા. વિશેષમાં, કાર્યક્રમના અંતર્ગત 'કહાની બદલાવકી', ECCE (અલી ચાઈલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન) આધારિત પ્રવૃત્તિઓ તેમજ કિશોરીઓ માટે ની વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. 'કહાની બદલાવકી' પ્રવૃત્તિ દ્વારા બાળકોની કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને અભિવ્યક્તિ કૌશલ્યને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું, જ્યારે ECCE પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને આનંદમય વાતાવરણમાં શીખવાની ઉત્તમ તક મળી હતી. આ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં બાળકોના વાલીઓએ પણ એટલા જ ઉત્સાહથી ભાગ લઈને પોતાની સક્રિય સહભાગિતા નોંધાવી હતી.

મોટા યક્ષનાં મેળામાં 'સ્વચ્છતા હી સેવા' મંત્રની ગુંજ, કેન્દ્રીય સંચાર બ્યુરો,ભુજદ્વારા યોજાઈ રહ્યા છેસ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમો

સ્વચ્છતા રેલી, સફાઈ ઝુંબેશ, પ્રદર્શન, વક્તવ્ય, સ્પર્ધાઓ,સ્વચ્છતા સંકલ્પ,નાટક દ્વારા અપાય રહ્યો છે સ્વચ્છતાનો સંદેશ

સ્વચ્છ ભારતના નિર્માણ માટે મેળાના મુલાકાતથીઓ થઈ રહ્યા છે સંકલ્પબધ્ધ



કમલમ્,

મીની તરણેતર ગણાતો કચ્છનો સૌથી મોટો મોટાયક્ષનો મેળો લાખો લોકોનો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે ત્યારે આ વર્ષે આ મોટા યક્ષના મેળામાં સ્વચ્છતા હી સેવાનો મંત્ર ગુંજી રહ્યો છે. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો, ભુજ દ્વારા આયોજિત મલ્ટીમીડિયા પ્રદર્શનના કાર્યક્રમ અંતર્ગત મેળામાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય સંચાર બ્યુરો ભુજ, કચ્છ જિલ્લા તેમજ નખત્રાણા તાલુકા પ્રશાસન વહીવટી તંત્ર અને સાયરા જૂથ પંચાયતના સંયુક્ત પ્રયાસથી મોટા યક્ષ મેળામાં સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું. ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, સાયરા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી જયંતીભાઈ, પ્રાંત અધિકારી શ્રી ઉત્કર્ષ ઉકકરવલ, મામલતદાર શ્રી રાકેશભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી હાર્દિકભાઈ ગઢવી તેમજ નખત્રાણા તાલુકાના પદાધિકારીઓ અને અધિકારીઓ, કેન્દ્રીય સંચાર બ્યુરોના અધિકારીઓ, ગ્રામ પંચાયતના સદસ્યો, સાયરા પ્રાથમિક શાળા તેમજ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ એ સ્વચ્છતાના નારા સાથે મેળામાં સ્વચ્છતા રેલી કાઢી હતી સાથે જ મેળાના તમામ વિસ્તારોમાં સર્વે એ ભેગા મળી સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી. ધારાસભ્ય તેમજ પ્રાંત અધિકારી સહિત તમામ લોકોએ સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા અને મેળાના મુલાકાતઓ તેમજ મેળાના વેપારીગણને સ્વચ્છતા જાળવવા માટે અપીલ કરી હતી. પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન અંતર્ગત ઉપસ્થિત તમામ મહાનુભાવો એ મેળાના મુલાકાતઓ તેમજ વેપારીઓને મેળા દરમિયાન પ્લાસ્ટિક ન વાપરવા અપીલ કરી હતી અને સાથે જ કૃપાદાની થેલીનું નિશુલ્ક વિતરણ કર્યું હતું. કેન્દ્રીય સંચાર બ્યુરોના મલ્ટીમીડિયા પ્રદર્શન સ્થળ પર મેળા દરમિયાન અને કવિ સ્વચ્છતા સંબંધીત જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંગે જાણકારી આપતા કેન્દ્રીય સંચાર બ્યુરો જૂનાગઢના અધિકારી શ્રી દેવેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે પ્રદર્શન થકી મેળાના મુલાકાતઓને સ્વચ્છતા અંગે જાગૃતિ નો સંદેશ તેમજ સમજણ પૂરી પાડવામાં આવી રહી છે. મંચ પરથી મનોરંજક શૈલીમાં નાટકનું પ્રસ્તુતિ દ્વારા સ્વચ્છતા માટે લોકોને હળવી શૈલીમાં સંદેશ આપવામાં આવી રહ્યો છે. સ્વચ્છતામાં લોકજાગૃતિ વધારવાના ભાગરૂપે વકતવ્ય તેમજ વિભિન્ન સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિજેતા થયેલ લોકોને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. વધુમા તેમણે કહ્યું કે મેળામાં આવતા મુલાકાતીઓને દેશમાં ચાલી રહેલા સ્વચ્છભારત અભિયાન વિશે તેમજ હાલમાં ચાલી રહેલા સ્વચ્છતા હું સેવા અભિયાન વિશે પૂરતી સમજ આપવાની સાથે આ અભિયાનમાં જોડાવા માટે નમ્ર અનુરોધ કરવામાં આવી રહ્યો છે. કાર્યક્રમના ભાગરૂપે કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા મંચ પરથી મેળા તેમજ ગ્રામની સફાઈ સાથે સંકળાયેલા સફાઈ કર્મીઓનું સન્માન પણ કરવામાં આવ્યું છે. પ્રદર્શનની મુલાકાતે આવી રહેલા મુલાકાતીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરવા માટેની અપીલ કરવાની સાથે નિશુલ્ક કપડાની થેલીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા સંબંધીત આ અનેકવિધ કાર્યક્રમથી પ્રભાવિત થઈ મેળાના મુલાકાતીઓ પણ સ્વચ્છતા અંગેના તેમના વિચારો પ્રસ્તુત કરી રહ્યા છે તેમજ સ્વચ્છતા ના સંકલ્પ લઈ સ્વચ્છ ભારતના નિર્માણ માટે કટિબદ્ધ બની રહ્યા છે. જે કેન્દ્રીય સંચાર બ્યુરોના આયોજનને સાથક બનાવે છે.

ભરૂચ જિલ્લા વહીવટીતંત્ર ભરૂચ દ્વારા ઔદ્યોગિક સલામતી સ્વાસ્થ્ય અધિકારીશ્રીના સંકલનમાં મોકડ્રિલ યોજાઈ

ભરૂચના આમોદ તાલુકાના ઈંટોલા ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ હજીરા દ્વારા પશ્ચિમ ક્ષેત્રની પાઈપલાઈન આમોદ - હજીરા પાઈપલાઈન પર લેવલ-III ઓફસાઈટ મોકડ્રીલ હાથ ધરાઈ



ભરૂચ વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા ઘાયલોની સારવાર માટે ગણતરીના કલાકમાં ઓન સાઇટ હોસ્પિટલ ઉભી કરાઇ

કમલમ્,ભરૂચ

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના ઈંટોલા ગામ ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ હજીરા દ્વારા પશ્ચિમ ક્ષેત્રની પાઈપલાઈન આમોદ-હજીરા પાઈપલાઈન પર લેવલ-III ઓફસાઈટ મોકડ્રીલ હાથ ધરવામાં આવી હતી. ચોરો દ્વારા ચોરી દરમ્યાનમાં તેલ/ગેસ લીકેજના કારણે આગ ભભૂકી ઉઠતા આગને નિયંત્રણમાં લેવા દોડધામ મચી ગઈ હતી. આગ વિકરાળ બનતા લેવલ-૩ની ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. આ મોકડ્રીલ કંટ્રોલરીની સક્ષમતા ચકાસવા માટે હાથ ધરવામાં આવી હતી. સ્થાનિક ફાયર શમનની ટીમે વિવિધ ફાયર એક્સ્ટીંગ્યુશરનો ઉપયોગ કરીને આગ બુઝાવવા પ્રયાસ કર્યા જો કે આગ કાબૂમાં ન આવતા અંતે વહીવટીતંત્રને જાણ કરીને મદદ માંગવામાં આવી હતી. આ દુર્ઘટના અંગે જાણ થતાં જ અધિકારીશ્રીઓ તત્કાલ ઘટના સ્થળે દોડી ગયા હતા. ફાયર બ્રિગેડ અને આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, આ આગ લાગવાની દુર્ઘટનાનો પ્લાન મોકડ્રીલ હેઠળ તૈયાર કરીને વહીવટી તંત્રની પૂર્વ તૈયારીઓનો વાસ્તવિક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ? એક મોકડ્રિલ હતી જેને ભાગરૂપે જિલ્લા વહીવટીતંત્ર સહિત એજન્સીઓના સંકલન અંગેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આગલાગવાની ઘટનાની જાણ થતાં સલામતી સુનિશ્ચિત કરવા વોર્ડન સેવા ઘટના સ્થળે પહોંચીને ગ્રાહક-બચાવની કામગીરી આરંભી હતી. વોર્ડન સેવામાં હોમગાર્ડ, એનસીસી, એનએસએસ અને સ્થાનિક પોલીસની ફસ્ટ રીસપોન્ડર ટીમો, ફસ્ટ એઇડ પાર્ટી, હાઇસ કફાયર પાર્ટી અને રેસ્કયુ પાર્ટી એ ઘટના સ્થળે પહોંચીને ગ્રાહક-બચાવની ક્રમગીરી શરૂ કરી હતી. ઘટના સ્થળથી કામદારોને ઈવેક્યુએટ કરીને તંત્ર દ્વારા તત્કાલ સલામત સ્થળે પહોંચાડવા સાથે વધુ જખ્મી કામદારોને ઘટના સ્થળે જ પ્રાથમિક સારવાર આપવા ઓન સાઇટ હોસ્પિટલ થોડા જ કલાકના સમયગાળામાં ઉભી કરવામાં આવી હતી. બીજી તરફ આગને કાબૂમાં લેવા ફાયર ફાઇટરની ટીમે પાણીનો છંટકાવ સાથે આગ બુઝાવવાની કામગીરી કરતા સંપૂર્ણ આગ કાબૂમાં આવી ગઈ હતી. આ આફસાઈટ મોકડ્રિલનો હેતુ સંભવિત અકસ્માતની સ્થિતિમા નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી, ઝડપી મદદ અને રાહત- બચાવના પગલાંઓ ભરી કઈ રીતે જાનહાનિને ટાળી શકાય તથા તમામ સુરક્ષા એજન્સીઓ, પોલીસ વિભાગ, સારવાર વ્યવસ્થાપન તથા વહીવટી તંત્રની પૂર્વ તૈયારીઓનો વાસ્તવિક અભ્યાસ કરવાનો હતો. મોકડ્રીલ પહેલા ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ અને રાહત બચાવના કર્મચારીઓ માટે ટેબલ ટોપ એકસરસાઇઝનું આયોજન કરવામાં આવ્યું હતું. મોકડ્રિલ બાદ ડી-બ્રિફિંગ માં ઉપસ્થિત મામલતદાર શ્રીએ મોકડ્રિલ સમયે કરવામાં આવેલી તાંત્કાલિક કામગીરી અને નિર્ણયો વિશે પોતાના અભિપ્રાયો આપી જણાવીને સમગ્ર મોકડ્રીલમાં ભાગ લેનારી તમામ એજન્સી તથા વહીવટીતંત્રની ટીમને અભિનંદન આપ્યા હતા. જિલ્લા પ્રશાસન અને પોલીસ વિભાગ સાથેસ્વાસ્થ્ય અને ફાયર વિભાગ હાજર રહ્યા. ડો. મયૂર વારિયા, મામલતદાર આમોદ, શ્રી વારિસખેડાયલી ડીપીઓ ભરૂચ, શ્રી આર બી કરમટીયા પી ઓઈ આમોદ, કાર્યપાલક એસએમ સી ભરૂચ સહિત ગેઈલ, ઓએનજીસી, જીએસપીએલ, આરઆઈએલ, પીઆઈએલ, ઓપીએલ વગેરેના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ડી બી ગણવિત, સ્ટેશન-ઈન-ચાર્જ, આઈઓસીએલ હજીરા દ્વારા મહાનુભાવોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

વલસાડ બન્યું યોગમય: તિથલ સમુદ્ર કાંઠે યોગ શિબિરમાં જનસૈલાબ ઉમટ્યો, સેવા સંકલ્પ અભિયાનમાં ૩૨૦૦થી વધુ લોકોએ સ્વસ્થ જીવનના સંકલ્પ લીધા

યોગ એવી જડીબુટ્ટી છે કે, જેનાથી બ્લડપ્રેશર,ડાયાબીટીસ અને મેદસ્વિતા સહિત અનેક બિમારીથી મુક્તિ મળી શકે છેઃ શીશપાલજી



ધારાસભ્ય અને જિલ્લા વિકાસ અધિકારીએ યોગથી પોતાને થયેલા ફાયદા જણાવી યોગ તરફ વળવા સૌને આહવાન કર્યું

કમલમ્,વલસાડ,


વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાકલ્યાણ, સર્વાંગી વિકાસ અને લોકસેવાને સમર્પિત સુશાસનના સફળ ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ગૌરવપૂર્ણ ૨૫ વર્ષની વિકાસયાત્રા, જનસેવા અને સુશાસનની ઉપલબ્ધિઓને બિરદાવવા તેમજ છેવાડાના માનવી સુધી સ્વાસ્થ્ય અને સુખાકારી પહોંચાડવાના શુભ આશય સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા "સુશાસનના ૨૫ વર્ષ અંતર્ગત સેવા–સંકલ્પ અભિયાન" અંતર્ગત વલસાડના તિથલ સ્વામિનારાયણ મંદિર રોડ પર મેદાનમાં રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીની ગરિમામય ઉપસ્થિતિમાં યોગ શિબિર યોજાઈ હતી. જેમાં અંદાજે ૩ હજારથી વધુ લોકોએ ઉપસ્થિત રહી સ્મણીય સમુદ્ર કાંઠે યોગ, ધ્યાન અને પ્રાણાયામ થી સવારની શરૂઆત કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ યોગ શિબિર દ્વારા નાગરિકોને યોગ, ધ્યાન, પ્રાણાયામ તથા સ્વસ્થ અને સંતુલિત જીવનશૈલી અંગે માર્ગદર્શન અને જનજાગૃતિ લાવી આવનાર પેઢીમાં યોગ અંગેની જાગૃતતા વધે અને લોકો નિયમિત યોગ કરતા થાય અને યોગને દૈનિક જીવનનો ભાગ બનાવે તેના પર ભાર મુક્યો હતો. તેમણે સાથે સાથે યોગ, ધ્યાન અને પ્રાણાયામનું સંપૂર્ણજ્ઞાન આપ્યું હતું. આ સાથે જ ૧૦ હજારથી વધુ યોગ ટ્રેનર બનાવવાનું લક્ષ્ય સાકાર કરવા સૌને યોગતરફ વળવા આહવાન કર્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, યોગએવી જડીબુટ્ટી છે કે જેનાથી બીપી (બ્લડપ્રેશર) અને મોટાપા (મેદસ્વિતા) થી મુક્તિ મળી શકે છે. યોગને એક ટિવસનો નહી પરંતુ જીવનભરનો ભાગ બનાવવાની જરૂરછે. તેમણે યોગ શિક્ષકનો રાષ્ટ્ર ભક્ત ગણાવ્યા હતા. યોગ શિક્ષકો ઘર ઘર સુધી યોગનો ફેલાવો કરી લોકોને તંદુરસ્ત બનાવવાનું સ્વસ્થ જીવન આપવાનું પુણ્ય કાર્ય કરી રહ્યા છે. દેશના લોકો સ્વસ્થ હશે તો આપણા દેશને વિશ્વગુરુ બનતા કોઈ રોકી શકે નહી. યોગ વિકાસથી જોડે છે, સંસ્કૃતિ અને સંસ્કાર સાથે લોકોને જોડે છે. શીશપાલજીએ ધ્યાન ઉપર વિશેષ ભાર મુકી મેડિટેશનને બેસ્ટ મેડિસિન ગણાવી હતી. આ સાથે વિપશ્યના અંગે કહ્યું કે, વિપશ્યના એ યોગનો જ એક ભાગ છે. જે દુખ વિનાશક જડીબુટ્ટી છે. જે મૌન સાધના છે. જે તમારા જીવનને બદલવાની તાકાત ધરાવે છે. આથી તમામ લોકોને યોગ સાથે જોડાવા આહવાન કર્યું હતું. "યોગ ભગાવે રોગ" એમ જણાવી ધારાસભ્ય ભરતભાઈ પટેલે પોતાની કહાની જણાવતા કહ્યું કે, જણાવ્યું કે, મને હાઈપર થાઈરોઈડ હતો પણ યોગ કરવાથી મારો થાઈરોઈડ મટી ગયો છે. મારા અનુભવ મુજબ દરેક બીમારીનો ઈલાજ યોગથી શક્ય છે. યોગ દ્વારા મારુ જીવન બદલાયું છે. આપણા વડાપ્રધાનશ્રી પણ રોજ નિયમિત યોગા કરે છે. એટલે તો તેઓ ૧૮ કલાક સુધી કામ કરી શકે છે.

જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે જણાવ્યું કે, હું જયારે આઈએએ સનું ઈન્ટરવ્યું આપવા ગયો હતો ત્યારે મને યોગ અને મેડીટેશન અંગેના સવાલ પુછ્યા હતા અને દેશભરમાં મારા સૌથી વધુ માર્ક આવ્યા હતા. છજી બનવામાં યોગવિદ્યા મને ખૂબ જ ઉપયોગી બની છે. જીવનમાં શાંતિ અને સહજતા વધારવા માટે યોગ વિદ્યા એકમાત્ર વિકલ્પ છે. આજે આપણે અહી શિબિરમાં જે શીખ્યા છે તેને રોજ જીવનમાં અમલમાં મુકીશું એવી આશા રાખુ છું. વલસાડના શિવજી મહારાજે જણાવ્યું કે, યોગથી મનનિયંત્રણમાં આવે છે. મનથી મોટું કોઈ નથી. મન કે જીતે જીત છે, મન કે હારે હાર છે.....યોગ, ધ્યાન અને પ્રાણાયામ દ્વારા આપણે પોતાના મન પર નિયંત્રણ મેળવી શકીએ છીએ. આ પ્રસંગે વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ તેજસ પટેલ, સ્ટેટ યોગ કો-ઓર્ડિનેટર રાજેશ પંચાલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિમાલી જોશી તેમજ વિવિધ સંસ્થાના કાર્યકરો અને સ્કૂલના વિદ્યાર્થીઓ યોગ ટ્રેનર, યોગ કોચ, યોગ કો-ઓર્ડિનેટર તેમજ ૨૦ બસમાં જિલ્લાભરમાંથી અંદાજે ૩૨૦૦ લોકો યોગ શિબિરમાં ઉમટ્યા હતા. સ્વાગત પ્રવચન ગુજરાત યોગ બોર્ડના ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે એ કર્યું હતું. જયારે આભારવિધિ જિલ્લા કો-ઓર્ડિનેટર પ્રીતિબેન વેષ્ણવે કરી હતી.

એશિયાટિક સિંહોના 'બીજાં ઘર'ને મજબૂત વહિવટી આધાર આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગુજરાત સરકારનો બરડા જંગલમાં સિંહોના પુનર્વસવાટને 'પાક્કું' કરવા પોરબંદર વન તંત્રમાં મોટા ફેરફાર કરવાનો નિર્ણય

- પોરબંદર વન વિભાગનું પુનર્ગઠન, રેન્જ-બીટની નવી રચના સાથે જવાબદારીઓનું સ્પષ્ટ વિભાજન
- પોરબંદર-રાણાવાવની રેન્જ-બીટનું નવેસરથી આયોજન, કલ્યાણપુર-ભાટિયા રેન્જમાંથી ૩૦૫.૯૪ હેક્ટર વિસ્તારનો ભાણવડ રેન્જમાં સમાવેશ
- કુતિયાણા રેન્જ સહિતની અન્ય ૦૨ સામાજિક વનીકરણ રેન્જોનો પણ પોરબંદર વન વિભાગ હેઠળ સમાવેશ, બે મદદનીશ વન સંરક્ષકની વ્યવસ્થા
- પોરબંદરના વન-પર્યાવરણ પ્રશ્નોના નિરાકરણ, યોજનાઓના અમલીકરણ તેમજ વન વ્યવસ્થાપનમાં સુધારાને પણ મળશે વેગ



કમલમ્, ગાંધીનગર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે એશિયાટિક સિંહોના બરડા ખાતે બનેલા 'બીજા ઘર'ને મજબૂત વહિવટી આધાર આપવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. બરડામાં સિંહોના પુનર્વસવાટને 'પાક્કું' કરવા માટે રાજ્ય સરકાર ઝડપી કાર્યવાહ હાથ ધરી પોરબંદર વન વિભાગના વહીવટી માળખાને વધુ સુવ્યવસ્થિત બનાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આ સાથે જ; પોરબંદર જિલ્લાના વન અને પર્યાવરણને લગતા પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ આવે, વન વિભાગની યોજનાઓના અમલીકરણમાં સુગમતા રહે તેમજ પોરબંદર વિસ્તારના વન વ્યવસ્થાપનમાં સુધારો થાય; તે હેતુથી પણ પોરબંદર વન વિભાગનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે બરડામાં ૧૪ ઉપર બાદ એશિયાટિક સિંહોનું કુદરતી રીતે પાછા ખરવાની ઘટના બાદ બરડા વિસ્તારમાં સિંહોના પુનર્વસવાટને ધ્યાનમાં રાખીને વિભાગનું પુનર્ગઠન કરવાની જરૂર હતી. આથી નવી રચનામાં રેન્જ, બીટ અને અધિકારી કક્ષાની જવાબદારીઓ વધુ સ્પષ્ટ બનશે. પરિણામે બરડા વિસ્તાર સહિત સમગ્ર પોરબંદર વન વિભાગમાં જમીની કક્ષાએ વધુ સુવ્યવસ્થિત ફ્રામગીરી માટે વહીવટી આધાર ઊભો થશે.

પોરબંદર રેન્જમાં ૬,૮૪૦.૮૪ હેક્ટર અને ૮૦ ગામો

પુનર્ગઠન હેઠળ પોરબંદર રેન્જની રચનાને નવેસરથી ગોઠવવામાં આવી છે કે જેમાં પોરબંદર રેન્જ હેઠળ ૬,૮૪૦.૮૪ હેક્ટર વિસ્તાર અને કુલ ૮૦ ગામોનો સમાવેશ કરાયો છે. આ વિસ્તારને પોરબંદર સિટી, ગોસાબારા, મોકર, વિસાવાડા, કાંટેલા, માધવપુર અને સંતિયા સહિતની વિવિધ બીટમાં વર્ગીકરવામાં આવ્યો છે. આ નવી રચનામાં અલગ-અલગ બીટને ચોક્કસ વિસ્તાર અને ગામોની જવાબદારી સોંપવામાં આવી છે. એટલે વન વિભાગના મેદાની અધિકારીઓ અને કર્મચારીઓને પોતાના વિસ્તારની ફ્રામગીરી માટે વધુ સ્પષ્ટ જવાબદારી મળશે.

રાણાવાવ રેન્જમાં ૧૩,૦૫૧.૨૫ હેક્ટર વિસ્તાર

તેવી જ રીતે રાણાવાવ રેન્જ હેઠળ ૧૩,૦૫૧.૨૫ હેક્ટર વિસ્તાર અને ૨૭ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગોડાણા, બિલેશ્વર, સાવ્રીડવર અને રાણાવાવ સહિતના વિસ્તારોને વિવિધ બીટ હેઠળ ગોઠવવામાં આવ્યા છે. આ રીતે પોરબંદર અને રાણાવાવ રેન્જના વિસ્તારને અલગ-અલગ બીટમાં વર્ગવારી સ્થાનિક સ્તરે વન સંરક્ષણ, પેટ્રોલિંગ અને અન્ય વિભાગીય કામગીરીનું સંચાલન વધુ ચોક્કસ રીતે કરી શકાશે.

ભાણવડ રેન્જમાં ૩૦૫.૯૪ હેક્ટરનો ઉમેરો

પુનર્ગઠનનો મહત્વનો ભાગ જામનગર વન વિભાગ હસ્તકની RFW ભાટિયા રેન્જના ૩૦૫.૯૪ હેક્ટર વિસ્તારને પોરબંદર વન વિભાગની ભાણવડ રેન્જમાં સમાવવાનો છે. આ વિસ્તાર દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ચાર ગામોના વિસ્તારમાં આવેલો છે. આ વિસ્તાર પોરબંદર વન વિભાગ હેઠળ તબદીલ થયા બાદ તેની તમામ વહીવટી ફ્રામગીરી પોરબંદર વન વિભાગના વહીવટી તંત્ર હેઠળ કરવામાં આવશે. આ ચાર ગામોમાં કંડારડા, જોગણા, સાજડીયાળા, જુના અને જેબુસરનો સમાવેશ થાય છે. આ રીતે જોડાયેલા વન વિસ્તારોના વહીવટમાં વધુ સુસંગતતા લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કુતિયાણા અને સામાજિક વનીકરણની રેન્જો પણ પોરબંદર હેઠળ

પુનર્ગઠન માત્ર પોરબંદર અને રાણાવાવની સામાજિક વનીકરણ રેન્જ પૂરતું મર્યાદિત નથી. કુતિયાણા રેન્જ, પોરબંદર સામાજિક વનીકરણ રેન્જ અને રાણાવાવ સામાજિક વનીકરણ રેન્જને પણ પોરબંદર વન વિભાગ હેઠળ તબદીલ કરવામાં આવ્યા છે. આ સાથે આ રેન્જમાં હાલમાં ફરજ બજાવતા અધિકારીઓના હોદ્દા અને કામગીરીમાં જરૂરી ફેરફાર કરવામાં આવશે. સંબંધિત વાહનો, હથિયારો, વોકી-ટોકી, વાયરલેસ સહિતની વસ્તુઓનું પણ પોરબંદર વન વિભાગ હેઠળ તબદીલ થશે. રેકર્ડ, કમ્પ્યુટર, ફર્નિચર અને અન્ય સાધન-સામગ્રી સંબંધિત વહીવટી તબદીલી પણ નિર્ધારિત પ્રક્રિયા મુજબ કરવામાં આવશે.

બે મદદનીશ વન સંરક્ષક હેઠળ નવી જવાબદારી

પુનર્ગઠન બાદ પોરબંદર વન વિભાગ હેઠળ બે મદદનીશ વન સંરક્ષકની વ્યવસ્થા કરવામાં આવી છે. એક મદદનીશ વન સંરક્ષક-૧ હેઠળ પોરબંદર રેન્જ, પોરબંદર સામાજિક વનીકરણ રેન્જ અને રાણાવાવ સામાજિક વનીકરણ રેન્જ રાખવામાં આવી છે. જ્યારે મદદનીશ વન સંરક્ષક-૨ હેઠળ રાણાવાવ રેન્જ, ભાણવડ રેન્જ, કુતિયાણા રેન્જ અને મોબાઈલ સ્કવોડ (ટી.એ.) રેન્જનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થાથી અલગ-અલગ વિસ્તારની દેખરેખ અને કામગીરી માટે અધિકારી કક્ષાએ જવાબદારીનું સ્પષ્ટ વિભાજન થશે.

કેવડિયાની જગ્યામાંથી એક જગ્યા પોરબંદર વન વિભાગને

મદદનીશ વન સંરક્ષકની જગ્યાઓ અંગે પણ મહત્વનો વહીવટી નિર્ણય કરવામાં આવ્યો છે. કુતિયાણા રેન્જ, પોરબંદર સામાજિક વનીકરણ રેન્જ અને રાણાવાવ સામાજિક વનીકરણ રેન્જને પોરબંદર વન વિભાગ હેઠળ તબદીલ થતાં પોરબંદર વન વિભાગ હેઠળ રેન્જોની સંખ્યા વધીને સાત થવાની સ્થિતિ ઊભી થાય છે. તેથી કેવડિયા ખાતે મંજૂર થયેલી મદદનીશ વન સંરક્ષકની બે જગ્યાઓમાંથી એક ખાલી જગ્યાને પોરબંદર વન વિભાગ હેઠળ તબદીલ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. પોરબંદર વન વિભાગમાં હાલની મદદનીશ વન સંરક્ષકની જગ્યા સાથે મળીને નવી વહીવટી વ્યવસ્થા ઊભી થશે.

જૂનાગઢ વન્યજીવ વર્તુળ સાથે સંકલિત માળખું

ઠરાવ મુજબ ફેરફાર બાદ જૂનાગઢ વન્યજીવ વર્તુળ હેઠળ પોરબંદર વન વિભાગનું વહીવટી માળખું રહેશે. નાયબ વન સંરક્ષક, પોરબંદર વન વિભાગના નિયંત્રણ હેઠળ બંને મદદનીશ વન સંરક્ષકને અલગ-અલગ રેન્જની જવાબદારી સોંપવામાં આવી છે. આ માળખું બરડા વિસ્તાર સહિત પોરબંદર જિલ્લાના વિવિધ વન વિસ્તારો માટે અધિકારી કક્ષાની દેખરેખને વધુ સ્પષ્ટ બનાવે છે.

મોબાઇલ સ્કવોડની ફ્રામગીરી પણ પોરબંદર વન વિભાગ હેઠળ

પોરબંદર વન વિભાગના હસ્તકના પરિક્ષેત્ર વનઅધિકારીને પોરબંદર વન વિભાગની મોબાઈલ સ્કવોડની ફ્રામગીરી પણ કરવાની રહેશે. તેથી જમીન પર ફ્રામગીરીમાં જરૂરી તાત્કાલિક કાર્યવાહી માટે મોબાઈલ સ્કવોડની જવાબદારી પણ નવા માળખા સાથે જોડાશે.

સ્ટાફ અને સાધન-સામગ્રીની તબદીલી સાથે અમલ

પુનર્ગઠન સાથે માત્ર કાગળ પર હદબદલી કરવામાં આવી નથી, પરંતુ સંબંધિત સ્ટાફ અને સાધન-સામગ્રીની વહીવટી તબદીલી અંગે પણ ઠરાવમાં સ્પષ્ટ જોગવાઈ છે. વિવિધ રેન્જના અધિકારીઓની સીધી ક્રમાનમાં ફેરફાર, વાહનોની તબદીલી, હથિયારો-વાયરલેસ સહિતની વસ્તુઓનું હસ્તાંતરણ તથા રેકર્ડ અને અન્ય સાધન-સામગ્રીની જવાબદારીનું પુનઃગઠન કરવામાં આવ્યું છે.

તેથી નવી રચના અમલમાં આવ્યા બાદ મેદાની તંત્રને જરૂરી માનવબળ અને સાધનો સાથે કામગીરી કરવા માટે વ્યવસ્થિત આધાર મળશે.

વન સંરક્ષણથી વન્યજીવ વ્યવસ્થાપન સુધી વ્યાપક અસર

પોરબંદર વન વિભાગના આ પુનર્ગઠનથી પોરબંદર જિલ્લાના વન અને પર્યાવરણ સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે વધુ કેન્દ્રિત વહીવટી માળખું ઊભું થશે. સાથે વન વિભાગની યોજનાઓના અમલીકરણમાં સુગમતા લાવવાનો હેતુ પણ સિદ્ધ કરવાનો પ્રયાસ છે. ખાસ કરીને બરડા વિસ્તાર માં સિંહોના પુનર્વસવાટને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલું આ પુનર્ગઠન વન વિસ્તારના સંચાલન માટે જરૂરી વહીવટી આધાર પૂરો પાડે છે. રેન્જ-બીટની નવી રચના, વિસ્તારવાર જવાબદારી, બે મદદનીશ વન સંરક્ષકની વ્યવસ્થા અને સંબંધિત સ્ટાફ-સાધનસામગ્રીનું એકીકરણ આ પ્રક્રિયાના મુખ્ય ભાગો છે.

નિર્ણયનો અમલ હવે વહીવટી રીતે આગળ વધશે

આ ઠરાવ પ્રસિદ્ધિ થવાની સાથે તાત્કાલિક અસરથી અમલમાં આવી ગયો છે. આમ, બરડા વિસ્તારમાં સિંહોના પુનર્વસવાટને ધ્યાનમાં રાખીને પોરબંદર વન વિભાગનું પુનર્ગઠન માત્ર રેન્જ અને બીટની હદ બદલવાનો વહીવટી નિર્ણય નથી, પરંતુ વન સંરક્ષણ, વન્યજીવ વ્યવસ્થાપન અને મેદાની વહીવટને વધુ સુવ્યવસ્થિત બનાવતી સમગ્ર પ્રક્રિયા છે. પોરબંદર, રાણાવાવ, ભાણવડ અને કુતિયાણા સહિતના વિસ્તારોને એક સંકલિત વહીવટી માળખામાં ગોઠવવાથી બરડા વિસ્તારના વન વ્યવસ્થાપનને વધુ મજબૂત વહીવટી આધાર મળશે અને સ્થાનિક સ્તરે જવાબદારી તથા દેખરેખનું માળખું વધુ સ્પષ્ટ બનશે.

બોટાદ ખાતે ખેડૂત સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ધરતીપુત્રોો સાથે સંવાદ કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળથી લઈને દેશના વડાપ્રધાન તરીકેના ૨૫ વર્ષના અવિરત કાર્યકાળ દરમિયાન ખેડૂતોના કલ્યાણ માટે થયેલ વિવિધ કાર્યો અને કાર્યરત અનેકવિધ યોજનાઓ અંગે ખેડૂતો સાથે વાર્તાલાપ કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આજે બોટાદ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત 'ખેડૂત સંવાદ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા પણ ઉપસ્થિત રહ્યાં હતાં. ખેડૂત સંવાદ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતોની ઉપસ્થિતિ રહી હતી. આ અવસરે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળથી લઈને દેશના વડાપ્રધાન તરીકેના ૨૫ વર્ષના સેવા, સમર્પણ અને સુશાસનના અવિરત કાર્યકાળ દરમિયાન ખેડૂતોના કલ્યાણ માટે થયેલ વિવિધ કાર્યો અને કાર્યરત અનેકવિધ યોજનાઓ અંગે ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો. તેમણે કૃષિ ઉત્પાદન, સિંચાઈ સુવિધા, ખેતી માટે જરૂરી સંસાધનોની ઉપલબ્ધતા, ખેડૂત સહાય તેમજ ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવાના હેતુથી અમલમાં મૂકાયેલી વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ અને પહેલોની અંગે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી અનિરુદ્ધભાઈ દવે, પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ શ્રી હિરેનભાઈ હિરપરા, જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલ, પ્રભારી શ્રી દશરથજી ઠાકોર સહિત આગેવાનો સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

પાટણ જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘની વાર્ષિક સાધારણ સભા અને સહકાર સંમેલન સંપન્ન

સહકાર થકી સમૃદ્ધિના ધ્યેય સાથે ખેડૂતોને આધુનિક કૃષિ તરફ પ્રોત્સાહિત કરાયા - ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત









કમલમ્,

પાટણ જિલ્લા સહકારી ખરીદ અને વેચાણ સંઘ લિમિટેડની વાર્ષિક સાધારણ સભાતેમજ ઈફ્કો પાટણ દ્વારા આયોજિત પાક પરિસંવાદ અને ભવ્ય સહકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સંમેલનમાં સિદ્ધપુર વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય અને પૂર્વ મંત્રીશ્રી માન. બલવંતસિંહરાજપૂત નાઅધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. તેમના અધ્યક્ષ સ્થાને સહકારી ક્ષેત્રના વિકાસ અને ખેડૂત કલ્યાણલક્ષી વિવિધ મુદ્દાઓ પર સાર્થક ચર્ચા કરવામાં આવી હતી.

ખેડૂત સમૃદ્ધિ એ જ મુખ્ય ધ્યેય

પ્રસંગેધારાસભ્યશ્રીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, "સહકારી સંસ્થાઓ ગ્રામ્ય અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકાર સે સમૃદ્ધિ' ના સ્વપ્નને સાકાર કરવા માટેઆપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે. ખેડૂતોને સમયસર ગુણવત્તાયુક્ત બિયારણ, ખાતર, નવીન ટેક્નોલોજી અને બજાર વ્યવસ્થા મળી રહે તે માટે સહકારી સંઘ કટિબદ્ધ છે."તેમણે વધુમાં જણાવ્યું હતું કેઆધુનિક કૃષિ પદ્ધતિઓ જેવી કેપ્રાકૃતિક ખેતી, ટપક સિંચાઈ પદ્ધતિ, અને ઈફ્કો કંપનીનો ખાતરના ઉપયોગ અંગે ખેડૂતોમાં જાગૃતિ લાવવી જરૂરી છે, જેથી ઉત્પાદન ખર્ચ ઘટે અને આવક બમણી થાય.

પરિસંવાદમાં મુદ્દાઓ પર ભાર મુકાયોઃ

- સહકારી મંડળીઓને વધુ સક્રિય અને પારદર્શક બનાવવી.
- ખેડૂતોને ઈફ્કો કંપનીના ગુણવત્તાયુક્ત અને નવીન ખાતરો વિશે માર્ગદર્શન.
- પાક વીમા અને સરકારની ખેડૂતલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના ખેડૂત સુધી પહોંચાડવો.

આ પ્રસંગમાં સહકારી ક્ષેત્રના અગ્રણીઓ શ્રી કે.સી. પટેલ, શ્રી રમેશભાઈ સિંધવ, શ્રી સંજયભાઈ પટેલ, શ્રી બાબુજી ઠાકોર, શ્રી વિનોદભાઈ પટેલ, શ્રી સ્નેહલભાઈ પટેલ, શ્રી ક્ષુભા પરમાર, શ્રી લાલજીભાઈ દેસાઈ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી કુરશનજી જાડેજા, શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી વાઘજીભાઈ, શ્રી ભોજાભાઈ આહીર, શ્રી પ્રધાનજી ઠાકોર, શ્રી સોમાજી ઠાકોર, શ્રી પ્રહલાદજી ઠાકોર, શ્રી મહિપતસિંહ જાડેજા, શ્રી રસુલભાઈ, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી લાલાભાઈ દેસાઈ, શ્રી લખમણભાઈ દેસાઈ, સંઘના તમામ ડિરેક્ટરશ્રીઓ, વિવિધ સહકારી મંડળીના પ્રતિનિધિઓ, વેપારી મિત્રો અને બહોળી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.અંતમાં સંઘના પ્રમુખશ્રી દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ભાવનગર મહાનગર ભાજપા કાર્યાલય ખાતે નગરસેવકો સાથે બેઠક યોજતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ભાવનગર મહાનગર ભાજપા કાર્યાલય ખાતે નગરસેવકો સાથે બેઠક યોજી હતી. આ બેઠક ઇમર્જિયાન મહાનગરના વિકાસકાર્યો તથા જનસેવા સાથે સંકળાયેલા વિવિધ મુદ્દાઓ અંગે નગરસેવકો સાથે વિગતવાર ચર્ચા-વિચારણા કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણીયા, પ્રદેશ મહામંત્રી શ્રી અનિરુદ્ધભાઈ દવે, મહાનગરના અધ્યક્ષ શ્રી કુણાલભાઈ શાહ, પ્રભારી શ્રી કમલેશભાઈ મીરાણી, મેયર શ્રીમતી ઉમાબેન તલસ્ત્રેના, સેવા સંકલ્પ અભિયાનના ઇન્ચાર્જ શ્રી હ્રિજેશભાઈ મેરજા સહિત ભાજપા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ભાવનગરના કૃષ્ણનગર જૈનઉપાશ્રય ખાતે પૂજ્ય આચાર્ય ગચ્છાધિપતિ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય આચાર્ય શ્રી રાજહંસસૂરીશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદ મેળવ્યા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028